# દમણથી સોમનાથ સુધીની હેલિકોપ્ટર સેવાની શરૂઆત

દમણ,તા.૨

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં એક નવી સેવાનો પ્રારંભ થયો છે. હવે દમણથી સીધા જ દીવ અને સોમનાથ હેલિકોપ્ટર દ્વારા જઈ શકાશે. આ સાથે જ દમણથી મુંબઈની હેલિકોપ્ટર સેવાની શરૂઆત કરવામાં આવી છે. મહત્ત્વપૂર્ણ છે કે, અત્યાર સુધી માત્ર દમણથી દીવ સુધીની જ હેલિકોપ્ટર સેવા ચાલતી હતી, હવે તેનો રૂટ લંબાવવામાં આવ્યો છે.દમણથી દીવ-સોમનાથ સુધી પવનહંસ હેલિકોપ્ટર સેવાનો આરંભ કરવામાં આવ્યો છે. તેને લઈને પર્યટકોમાં પણ ખાસ્સો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. મહત્ત્વપૂર્ણ છે કે, દમણથી દીવ રોડમાર્ગે જવું હોય તો અંદાજે ૧૫ કલાક જેટલો સમય લાગતો હોય છે. ત્યારે હેલિકોપ્ટર સેવાથી માત્ર એક કલાક જેટલો જ સમય લાગે છે. તેથી લોકો સમય બચાવવા માટે હવાઈમાર્ગનો ઉપયોગ કરતા હોય છે.આ સેવાના આરંભ સાથે મહારાષ્ટ્રના પર્યટકો હેલિકોપ્ટર દ્વારા દમણથી સોમનાથ પહોંચ્યા હતા.



વસંતના વધામણા - સ્વર્ણિમ પાર્કમાં રંગબેરંગી ફૂલો ઉગી નીકળ્યા છે. જેમાં માત્ર રંગબેરંગી ફૂલ જ નહિ સાથે સાથે પાંદડાના વિવિધ રંગોથી સમગ્ર વિસ્તાર જાણે લીલી ચાદર ઓઢી લીધી હોય તેવા દશ્યો નીહાળવા મળી રહ્યા છે. જે પ્રવાસીઓને આકર્ષિત કરે છે.

# આણંદમાં ખેતરમાં કરંટ લાગતા બાળકનું મોત થયું

આણંદ, તા.૨

બોરસદમાં વીજ કરંટ લાગવાના કારણે ૧૨ વર્ષના બાળકનું મોત થઈ ગયું છે. બાળક ખેતરમાં બોર ખાવા માટે જઈ રહ્યો હતો ત્યારે કરંટનો ભારે ઝટકો લાગતા તેનું મોત થઈ ગયું છે. આ ઘટનામાં કોની બેદરકારીથી બાળકે જીવ ગુમાવ્યો છે તે અંગે તપાસ શરુ કરવામાં આવી છે. બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવી છે. પરિવારે માસૂમને ગુમાવતા ઘરમાં ભારે શોકનો માહોલ છે. બોરસદના કિંખલોડ ગામમાં બાળક બોર ખાવા માટે જઈ રહ્યો હતો ત્યારે કેળની વાડીમાં લગાવેલા ૨૪ વોલ્ટના ઝટકા મશીનથી કરંટ લાગવાના કારણે બાળકનું મોત થયું હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. આ અંગે આંકલાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. ઘટનાની જાણ થતાં પરિવારના સભ્યો સહિત ગ્રામજનો બનાવના સ્થળ પર એકઠા થઈ ગયા હતા. બાળકને કરંટ લાગતા તેનું કરુંણ મોત થયું છે, આ ઘટના અંગે જાણ થતા તેના પરિવારને માહિતી આપવામાં આવી હતી.

# ગુજરાતનાં સમૃદ્ધ વેટલેન્ડ્સને ઉજાગર કરતી ’વસુધૈવ કુટુંમ્બકમ’ની થીમ આધારિત ગીતનું લોન્ચીંગ

**ગુજરાતની ચારેય રામસર સાઇટ્સ સહિત કચ્છ વિસ્તારમાં મહેમાન બનતા વિદેશી પક્ષીઓ અને ગુજરાતનાં સમૃદ્ધ વેટલેન્ડ્સનું ફિલ્મમાં અદભુત નિરૂપણ**

ગાંધીનગર, તા.૦૨

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે તેમજ વન મંત્રી શ્રી મૂળુભાઈ બેરા, વન રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં ’આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ ડે’ની ઉજવણી નિમિત્તે જાણીતા સંગીતકાર રૂપકુમાર રાઠોડના સંગીત અને સ્વર દ્વારા નિર્મિત ગુજરાતનાં સમૃદ્ધ વેટલેન્ડ્સને ઉજાગર કરતી ’વસુધૈવ કુટુંમ્બકમ’ની થીમ આધારિત ફિલ્મનું રૂપકુમાર રાઠોડની ઉપસ્થિતિમાં આજે લોન્ચીંગ કરાયું હતું.

મુખ્યમંત્રીશ્રી પટેલે શ્રી રૂપકુમાર રાઠોડને અભિનંદન આપતા કહ્યું હતું કે, ગુજરાતની ચારેય રામસર સાઈટ્સ અને કચ્છનાં છારીઢંઢ જેવા વિસ્તારમાં મહેમાન બનતા પક્ષીઓ અને ગુજરાતનાં સમૃદ્ધ વેટલેન્ડ્સને એક નાનકડી સંગીતમય ફિલ્મમાં દર્શાવ્યા છે. દર વર્ષે ગુજરાતના મહેમાન બનતા લાખો યાયાવર પક્ષીઓના સંરક્ષણ અને સંવર્ધન માટે અમારી સરકાર કટિબદ્ધ છે. કઝાકિસ્તાન, સાઉદી અરેબિયા, યુરોપ, ઓસ્ટ્રેલિયા જેવા દેશોમાંથી આવતા પક્ષીઓ કે જે રાજ્યના છારીઢંઢ, થોળ, નળ સરોવર, કચ્છનું નાનું રણ, વઢવાણા જેવા વેટલેન્ડસ સ્થળોએ જોવા મળે છે. તે તમામ આ ફિલ્મમાં આવરી લેવામાં આવ્યા છે, જે પક્ષીવિદો અને નાગરિકો માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પક્ષીઓ તેમનાં અસ્તિત્વનાં સમયથી આ ધરતીનાં દરેક ખૂણાઓને પ્રવાસી બનીને ધરતી, આકાશ અને જળ વિસ્તારને પોતાનું ઘર માને છે.

# સૌરાષ્ટ્ર યુનિ.ના પેપર લિક કાંડમાં એફઆઈઆર દાખલ

અમદાવાદ, તા.૨

ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં સોરાષ્ટ્ર યુનિવર્સિટીના બીબીએઅને બી.કોમસેમેસ્ટર ૫ની પરીક્ષા લેવાય તે પહેલા જ પેપર લીકની ઘટના બની હતી. હવે આ ઘટનામાં અંતે એફઆઈઆરનોંધાઈ છે. આ મામલે ગત રાત્રે રાજકોટમાં સોરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદમાં ભાજપના નગરસેવકની કોલેજની ભુમિકા બહાર આવી હતી. આ મામલે એફએસએલની ટીમ તપાસ કરી રહી હતી. રાજકોટની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની હંમૈશા કોઈના કોઈ મુદ્દે ચર્ચામાં રહે છે. ગયા વર્ષે ઓકટોબર મહિનામાં યોજાનારી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પરીક્ષાના પેપર ફૂટ્યાની ઘટના સામે આવી હતી. આ ઘટનાના આજે ૧૧૧ દિવસ બાદ ફરિયાદ નોંધાઈ હતી. ગઈકાલે રાજકોટના ગાંધીગ્રામ પોલીસમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઈન્ચાર્જ રજિસ્ટ્રાર અમિત પારેખે ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદથી ભાજપના નગરસેવકની કોલેજના કર્મી સામે ગુનો નોંધવામાં આવ્યો છે.



જમાલપુર દરવાજા પાસે આવેલ જગન્નાથ મંદિરમાં રથયાત્રા માટેના નવા રથ બનાવવાની પ્રક્રિયા શરૂ થઈ ગયેલ છે જે રથયાત્રા સુધીમાં તૈયાર થઈ જશે.

# કામરેજના ભૂતપૂર્વ MLAની મિલકત જપ્ત કરવા ફરી આદેશ

**અકસ્માતમાં યુવકના મોત મામલે કોર્ટનો આદેશ નહોતો માન્યો : કોર્ટના આદેશનું પાલન નહીં થતા અરજદારના વકીલે ફરી અરજી કરી હતી**

સુરત,તા.૨

સુરતના કામરેજના પૂર્વ ધારાસભ્ય વી ડી ઝાલાવાડિયાની મિલકત જપ્તીનો આદેશ કરાયો છે. મોટર એક્સિડન્ટ કેસમાં વળતર નહીં ચૂકવવા બદલ મિલકત જપ્તીનો આદેશ કરાયો છે. ૨૪ લાખ ૧૯ હજારની મિલકતો જપ્ત કરવા વોરન્ટ રિ-ઈશ્યૂ કરાયો છે. અરજદાર તરફથી એડવોકેટ ગૌતમ લાઠિયાએ જપ્તી માટે અરજી કરી હતી.

વી ડી ઝાલાવાડિયાને એક્સિડન્ટ કેસમાં વળતર ચૂકવવા કોર્ટે આદેશ કર્યો હતો જેણે તે વળતર ન ચુકવતા કોર્ટે મિલકત જપ્તીનો આદેશ કર્યો છે. ૨૦૧૬માં સરથાણામાં હિરેન લીંબાણીની ટ્રક સાથે બાઈક અથડાતા યુવકનું મોત થયું હતું.

મૃતકના પરિવારે કોર્ટમાં અકસ્માત વળતર મામલે કેસ કર્યો હતો. જેમાં કોર્ટે ૨૪ લાખ ૭૫ હજાર ચૂકવવા હુકમ કર્યો હતો. કોર્ટના આદેશનું પાલન નહીં થતા અરજદારના વકીલે ફરી અરજી કરી હતી જે બાબતે કોર્ટે ફરી મિલકત જપ્તી માટે આદેશ કર્યો હતો. મિલકત જપ્તીના આદેશથી વી.ડી.ઝાલાવાડિયાની મુશ્કેલીઓ વધી છે, ઝાલાવાડિયાએ અગાઉ કોર્ટના વળતરના આદેશનું પાલન ન કર્યું હતું જેને લઈ કોર્ટે મિલકત જપ્તીનો આદેશ કર્યો છે. તમને જણાવી દઈએ કે, હિરેનના પરિવારે ૩૧ લાખનું વળતર માંગ્યું હતું, જેમાં કોર્ટએ ઝાલાવડીયાના પરિવારને ૧૫.૪૯ લાખનું વળતર ચૂકવાવ આદેશ કર્યો હતો. વળતરવાળી વાતને સાત મહિના થઈ ગયા હોવા છતાં પણ વી.ડી. ઝાલાવડીયાએ વળતર ચૂકવ્યા નહીં હોવાથી કોર્ટમાં મિલકત જપ્તી માટે અરજી કરવામાં આવી હતી જેને કોર્ટે મંજૂર કરી આપી હતી.

# ગુજરાતમાં અકસ્માત રોકવા રેલવે ટ્રેક આસપાસ ફેન્સિંગ લગાવવામાં આવશે

**અમદાવાદથી મુંબઈ સુધીના ટ્રેકની સેફ્ટી વધારી દેવામાં આવી છે, અમદાવાદથી મુંબઈ રેલવે ટ્રેકને સુરક્ષિત કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે**

અમદાવાદ,તા.૨

વંદે ભારત ટ્રેન શરૂ થયા બાદ પશુઓ અથડાવવાની અનેક ઘટના બની છે. ત્યારે ઘણા કિસ્સામાં પશુઓના મોત નીપજ્યા છે તો ઘણા કિસ્સામાં ટ્રેનને પણ નુકશાન થયું હતું. ત્યારે રેલ્વે દ્વારા એક મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે કે, અમદાવાદથી મુંબઈ સુધીના ટ્રેકની સેફટી વધારી દેવામાં આવી છે. અમદાવાદથી મુંબઈ રેલવે ટ્રેકને સુરક્ષિત કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

રેલવે મુંબઈથી અમદાવાદ સુધીના ૬૨૨ કિલોમીટર લાંબા રૂટ પર મેટલ બીમ ફેન્સિંગ લગાવવાનું કામ યુદ્ધના ધોરણે શરુ કરવામાં આવ્યું છે. ૨૪૫.૨૬ કરોડ રૂપિયાના ખર્ચે ફેન્સિંગનું કામ મેના અંત સુધીમાં પૂર્ણ કરવાનો ટ્રાગેટ છે. મુંબઈ-અમદાવાદ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન ૩૦ સપ્ટેમ્બરે શરૂ થઈ હતી અને અત્યાર સુધીમાં પથી વધુ પશુઓ તેની ઝપટમાં આવ્યાં છે. ટ્રેનની સ્પીડ વધારે હોય તો પશુ વચ્ચે આવે તો પણ રોકવી મુશ્કેલ બની જાય છે.

અમદાવાદથી મુંબઈ વચ્ચે ચાલતી વંદે ભારત ટ્રેન શરૂ થઈ ત્યારથી લઈ અનેક વખત પશુઓ અથડાવવાની ઘટના બની છે અને ટ્રેનને નુકસાન થયું છે. સદનસીબે પેસેન્જર સુરક્ષિત રહ્યા છે. પરંતુ કોઈ ઘટના ન બને તે માટે રેલવે દ્વારા ટ્રેકની બાજુમાં મેટલ બીમ ફેન્સિંગ લગાવવાનું કામ શરૂ કરી દીધું છે. ફેન્સિંગ લગાવવાના કારણે ટ્રેક અને ટ્રેન બંને સુરક્ષિત રહેશે અને પશુઓ ટ્રેક સુધી આવી શકશે નહીં. વંદે ભારત ટ્રેન ૬.૨૫ કલાકમાં ૪૯૧ કિલોમીટરનું અંતર કાપે છે. જો કે, ટ્રેનની ૧૬૦થી ૧૮૦ કિલોમીટરની ઝડપે દોડવાની ક્ષમતા છે. વંદે ભારત એક્સપ્રેસમાં પેસેન્જરોને અત્યાધુનિક સુવિધા સજ્જ છે.

અને વંદે ભારત એક્સપ્રેસમાં એકસાથે ૧૧૦૦ જેટલા પેસેન્જરો મુસાફરી કરી શકે છે. સીસીટીવી કેમેરા, પેસેન્જર ઈન્ફર્મેશન સિસ્ટમ, ઓટોમેટિક સ્લાઈડિંગ ડોર, વૅક્યૂમ આધારિત બાયો ટોયલેટ્સ, સ્મોકિંગ ડિરેકશન એલાર્મ સહિતની સુવિધાથી સજ્જ છે. પરંતુ તેમ છતાં પણ જ્યારે ઝડપથી જતી ટ્રેન સાથે પશુઓ અથડાય છે ત્યારે પેસેન્જરના જીવ તાળવે ચોંટી થાય છે.

# વિઝાના નામે લોકો સાથે છેતરપિંડી કરનારા બે પકડાયા

**વિઝાના નામે લોકોને ડબ્બામાં ઉતારીને છેતર્યા : ક્રાઈમ બ્રાન્ચે આરોપીઓનો પીછો કર્યો તો તેમનું પગેરું સુરતમાં મળ્યું હતું, બન્ને આરોપીઓ ઝડપાયા બાદ વધુ કેટલાક રહસ્યો ખુલ્યા છે**

અમદાવાદ,તા.૨

અલગ અલગ ન્યુઝ પેપરમાં અમેરિકા. કેનેડા જેવા દેશોના વર્ક પરમિટ વિઝા આપવાના બહાને છેતરપિંડી કરતી ટોળકીનો સાયબર ક્રાઈમે પર્દાફાશ કર્યો છે. સાયબર ક્રાઈમે સુરત થી બે આરોપીની ધરપકડ કરી ૧૫ ગુના નો ભેદ ઉકેલ્યો છે. તો બીજી તરફ આરોપી વિરુદ્ધ વધુ ગુના નોંધાશે.અમદાવાદ સાઈબર ક્રાઈમની કસ્ટડીમાં રહેલા આ બે આરોપીના નામ ભાવેશ સરવૈયા અને ઉમેશ ચૌહાણ છે.

ભાવેશ અને ઉમેશ બંને આરોપી મૂળ સુરતના રહેવાસી છે, જેમણે સાથે મળીને છેતરપિંડીનો નવો માર્ગ શોધી કાઢ્યો હતો, તેઓ છેલ્લા ૪ વર્ષથી લોકો સાથે લાખ્ખો રૂપિયાની છેતરપિંડી કરી છે. જોકે, હવે તેઓ પોલીસના હાથમાં આવ્યા છે. બન્ને અમેરિકા અને કેનેડા જવા ઈચ્છતા લોકોને વર્ક પરમિટ આપવાના બહાને તેમની પાસેથી છેતરપિંડી કરતા હતા. જેમા ભોગ બનનારના બેંક અકાઉન્ટમાં રૂપિયા ની ખોટી એન્ટ્રી બતાવવા માટે બીજા ભોગ બનનારના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરતા હતા.

છેલ્લા ૪ વર્ષથી પોલીસને થાપ આપી અંદાજીત ૩૧ લાખથી વધુની ૧૪ લોકો સાથે છેતરપિંડી કરી છે. પોલીસે જ્યારે આરોપીની ધરપકડ કરી ત્યારે હકિકત સામે આવી કે ઉમેશ ચૌહાણ ધોરણ ૧૨ ભણેલો છે. અને અગાઉ બેંકમાં એકાઉન્ટ ખોલાવવાની સામાન્ય નોકરી કરતો હતો. જ્યાંથી તે પોતાનુ બેંક એકાઉન્ટ કે સિમકાર્ડ વાપર્યા વિના છેતરપિંડી કરતા શીખ્યો હતો. જે બાદ આરોપીએ વિઝા માટે જરૂરી બેંક બેલેન્સ બતાવવા માટે અરજદારોના નામે બેંક અકાઉન્ટ ખોલાવી તેમના નામના સિમકાર્ડ પણ મેળવી લેતો હતો.

જે પછી ફોન હેક કરી ફરિયાદીના તમામ રૂપિયા અલગ અલગ ચાર્જ પેટે પડાવી છેતરપિંડી આચરતો હોવાનુ તપાસમાં સામે આવ્યુ છે. સાથે જ પોલીસે ૧૪ ગુનામા ભોગ બનનારની હકિકત તપાસી ત્યારે સામે આવ્યુ કે તમામ ગુનામાં



અન્ય ભોગ બનનાર ના બેંક અકાઉન્ટ અને સિમકાર્ડ નો ઉપયોગ થયો છે. જેથી આરોપી નાસતો ફરતો રહ્યો હતો.

સાયબર ક્રાઈમે સીઆઈડી ક્રાઈમની સાથે મળી ૧૪ ગુનાની હકિકત અંગે તપાસ કરતા સુરતનો એક વિસ્તાર લોકેટ થયો. જ્યાં બન્ને આરોપીની સતત હિલચાલ રહેતી હતી. સાથે જ સિમકાર્ડના લોકેશનના આધારે તપાસ કરી પોલીસે આરોપીને તેના અવાજ અને વાત કરવાની રીતથી ઝડપી પાડ્યો હતો.

## કામોને મંજૂરી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોગવાઈની મળવાપાત્ર થતી રૂ. ૭૫ લાખની ગ્રાન્ટની સામે ૧૦ કામો રૂ. ૭૫ લાખના, જિલ્લાકક્ષાની જોગવાઈની મળવાપાત્ર રૂ. ૧૫૦ લાખની ગ્રાન્ટ સામે રૂ. ૧૫૦ લાખના અને સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગનું (ખાસ પ્લાન) રૂ. ૧૦ લાખની ગ્રાન્ટની સામે ૩ કામો રૂ. ૧૦ લાખના એમ મળી કુલ રૂ. ૭૩૫ લાખના આયોજન સામે રૂ. ૭૭૫ લાખના કામોને મંજુર કરવામાં આવ્યા હતા.

આ મંજૂર કરવામાં આવેલા કામોમાં મુખ્યત્વે ગંદા વસવાટને વાતાવરણલક્ષી સુધારણા માટે, ગ્રામ્ય આંતરિક રસ્તા, પાણી પુરવઠા, પેવરબ્લોકના, પોષણ, ભૂમિ સંરક્ષણ, વનીકરણ, વીજળીકરણ, શિક્ષણ, આરોગ્ય અને સ્થાનિક વિકાસના કામો માટે કુલ રૂ. ૭૩૫ લાખથી વધુના ક્મોનો સમાવેશ થાય છે. આ કામો સત્વરે હાથ ધરવામાં આવશે.

આ બેઠકમાં જિલ્લા આયોજન મંડળના ઉપાધ્યક્ષ અને જિલ્લા પંચાયત, ગાંધીનગરના પ્રમુખ દિલીપભાઈ પટેલ, મેયર હિતેશભાઈ મકવાણા, ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, માણસાના ધારાસભ્ય જે.સી. પટેલ, દહેગામના ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર પ્રવિણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારી સુરભિ ગૌત્તમ, મ્યુનિસિપલ કમિશનર સંદિપ સાંગળે, ગાંધીનગર જિલ્લાની તાલુકા પંચાયતોના પ્રમુખો, ગાંધીનગર જિલ્લાની નગરપાલિકાના પ્રમુખો, અધિક નિવાસી કલેક્ટર ભરત જોષી, સામાન્યવહીવટ વિભાગના નિરીક્ષક આર.આર. પંડ્યા (નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ગાંધીનગર), જિલ્લા આયોજન અધિકારી એન.જી. પટેલ, જિલ્લા આંકડા અધિકારી એચ.કે. પ્રજાપતિ અને તમામ અમલીકરણ અધિકારી, કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## ૧૧ વાગ્યા બાદ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ન મળતા આ અપડાઉનકર્તાઓએ ખાનગી વાહનોના આધારે ધક્કા ખાતા પરત આવવુ પડે છે. જયારે ગીતામંદિર અને રેલવે સ્ટેશનથી પણ ટ્રેઈન કે બહારગામના રૂટમાં આવતી બસમાં અમદાવાદ પહોંચેલા મુસાફરો પણ બસ સેવાના અભાવે હાલાકીમાં મુકાય છે. કોરોના કાળથી ગાંધીનગર ડેપોની સલામત સવારીના રૂટ ખોરવાઈ ગયા છે. અલબત્ત આ દરમિયાન બંધ કરવામાં આવેલી બસો હજુ સુધી ચાલુ કરવામાં આવી નથી. જેના લીધે ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉનકર્તોને રાત્રિના સમયે અપડાઉન કરવામાં સલામતી રહી નથી. રાત્રિના મોડા એસ ટી ની બસ માટે લાંબા સમય સુધી વલખા મારવા પડે છે. જયારે શહેર આસપાસના ગામોમાં પણ હજુ સલામત સવારીના રૂટ ન ગોઠવાતા ગ્રામજનો પણ વાહન સેવા વિના ડગલે ને પગલે પરેશાની વેઠી રહ્યા છે. ગાંધીનગર એસ ટી ડેપોને ઈલેક્ટ્રીક બસો ફાળવવામાં આવી છે. ત્યારે ડેપોમાં મુસાફર પાસ યોજનાનો લાભ લેતા અપડાઉનકર્તાઓની સંખ્યા પણ વિશેષ છે. પરંતુ બસ સેવાના અભાવે મુસાફર પાસ ધરાવતા વિદ્યાર્થીઓ અને નોકરીયાતોએ પણ મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. ત્યારે એસ ટી ડેપોએ ટ્રાફિકનો અભ્યાસ કરીને સલામત સવારીના રૂટમાં પણ ફેરફાર કરવો જોઈએ.

## આયોગની ટીમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

૧૫ જેટલા હૃદયની બિમારી ધરાવતા તેમજ પાંચ જેટલા અન્ય ગંભીર બિમારી ધરાવતા દર્દીઓ શોધી કાઢ્યાની વિગતો જાણી તેઓ પ્રભાવિત થયા હતા.

આ ટીમે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરમાં આરોગ્યની સેવાઓ ઉપરાંત મોટીવેશનલ એક્ટીવીટી જે થઈ રહી છે તેની વિગતો મેળવી હતી એટલુ જ નહિ તેમણે આ કેન્દ્રોમાં નિર્માણ કરાયેલ હર્બલ કિચન ગાર્ડનની પણ મુલાકાત લીધી હતી.

યોગા અને મેડીટેશનની કામગીરી નિયમિત થાય છે કે નહિ તેની જાણકારી લાભાર્થીઓ પાસેથી મેળવી આ સેન્ટરથી તેમને શું ફાયદો થયો છે તેની વિગતો મેળવી હતી. આ સેન્ટરોમાં એન.સી.ડી.એસ.ની સુવિધાઓ, રેફરલ સર્વિસીસની વિગતો પણ ટીમે મેળવી હતી.

આ ટીમ સાથે જિલ્લા આરોગ્ય સેવા ગુણવત્તા અધિકારી ડૉ. ધર્મેશ પરીખ અને તેમની ટીમના સભ્યો જોડાયા હતા. તેમણે તબીબો સાથે પડકારોના સંદર્ભે પણ જાણકારી મેળવી હતી.

ગઈકાલે વિશ્વબેંકની ટીમે જિલ્લાના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટરોની મુલાકાત પછી આજે નીતિ આયોગની ટીમે લીધેલી મુલાકાતને પગલે તંત્ર સતત વ્યસ્ત રહ્યુ હતુ.

## ૮મીએ મુદત

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ પ્રબળ બનતી જાય છે. રીઝર્વ બેંકના નવા નિયમ મુજબ અલબત્ત તા ૩ જુન વર્ષ ૨૦૨૦ ના નિયમને અનુલક્ષી બેંકમાં બોર્ડ ઓફ ડિરેકટર્સ આઠ વર્ષથી વધુ સમય રહી ચુક્યા હોય તે ચુંટણીમાં ઉમેદવારી નોંધાવી શકે નહી તેવો પણ દાવો બેંક સમક્ષ કરવામાં આવ્યો છે. આખરે ચુંટણીલક્ષી કામગીરીને અનુલક્ષીને પણ અન્ય સવાલો મંડરાતા હવે કોર્ટ કક્ષાએથી આદેશ કરાયા બાદ બેંકની ચુંટણીનુ ચિત્ર સ્પષ્ટ થશે. આગામી તા ૧૨ ફેબ્રુઆરીના રોજ ચુંટણી યોજવાની જાહેરાત કરવામાં આવી હતી ત્યારે તા ૮ મીએ મુદત છે. ત્યારે આગામી મુદતમાં કોર્ટના નિર્ણય સામે સૌ કોઈની મીટ મંડરાઈ છે.

## સે.૨૯નો રંગમંચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉભરી આવ્યો છે. રંગમંચમાં લાંબા સમયથી કચરો ભરેલા કન્ટેનરોનો ખડકલો થયો છે. જયારે નકામા સાધનો પણ આ ઠેકાણે ખડકાયા છે. કચરોથી ઉભરાતા કન્ટેનરો રંગમંચના સંકુલમાં જ ઉભા કરી દેવાયા છે. જયારે ખુલ્લા મીટર બોક્ષ , લોખંડની ટ્રોલીઓ અને થાંભલાઓના ઢગ સાથે મોટો કાટમાળ એક જગ્યાએ ખડકી દેવાયો છે. સ્માર્ટ બનતા ગાંધીનગરના રંગમંચના રીનોવેશનમાં લાખોના ખર્ચ બાદ કચરો એકત્રિત કરવા માટે તેનો ઉપયોગ થતા નગરના સુજ્ઞ નાગરિકોનુ મોં વંકાયુ છે. જયારે આ વિસ્તાર ગંદકી ખદબદતા સ્થાનિકોમાં પણ પ્રબળ આક્રોશ પ્રવર્તયો છે. રંગમંચના વિસ્તારમાં પ્રાથમિક દ્રષ્ટીએ તો જાણે ડમ્પીંગ સાઈટ શરૂ કરી દેવામાં આવી હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. શહેરના સેકટરોનો કચરો ત્યાં જ ઠલવાતો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. સેકટરોના રંગમંચના નવિનીકરણની યોજનાના અંતે નગરજનો હવે રંગમંચ અને લગ્નવાડીનો વિશેષ ઉપયોગ કરતા થઈ ગયા છે. પરંતુ સે-૨૯ ના રંગમંચની હાલત ભંગારખાનાથી પણ બદતર થઈ ગઈ છે. સ્થાનિકો પણ આ મામલે અનેકવાર રજુઆત કરી છે. પરંતુ હજુ સુધી આ સંકુલ કાટમાળ અને કચરા નીચે ધરબાયેલુ છે. રંગમંચની સફાઈના નામે મીંડુ છે. સફાઈ તો થતી નથી પરંતુ બહારનો કચરો પણ અહીં લાવીને ઢગ કરવામાં આવે છે. શહેરમાં સ્માર્ટ સીટીના નામે કરોડોનો ખર્ચ થાય છે. સ્માર્ટ સીટીના પ્રોજેકટ અંતર્ગત અનેકવિધ વિકાસ કામો હાથ ધરવામાં આવી રહ્યા છે. પંરતુ વહીવટી કામગીરીમાં હજુ સ્માર્ટ અભિગમ કેળવાયો નથી તેવો આક્રોશ પણ ચરમસીમાએ છે.

## સોનાના ભાવ

● અનુસંધાન પહેલાનું ચાલુ

કસ્ટમ ડ્યૂટી વધારવાની જાહેરાત કરી હતી.

કેડિયા કોમોડિટીઝના પ્રેસીડેન્ટ અજય કેડિયા કહે છે કે સોના-ચાંદીની ઈમ્પોર્ટ ડ્યૂટીમાં ઘટાડાની આશા હતી પણ તેનાથી વિપરિત કસ્ટમ ડ્યૂટીમાં વધારો કરી દેવાયો. તેમણે કહ્યું કે રશિયા-યુક્રેન યુદ્ધ, બજારમાં મંદીની આશંકા, ઈટીએફમાં રોકાણમાં વધારો અને કેન્દ્રીય બેંક્રો દ્વારા સતત સોનાની ખરીદીને કારણે જ સોનાના ભાવમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ચાંદીની વાત કરીએ તો તે ૯૦૦૦૦ના ભાવને સ્પર્શી શકે છે.

## ભૂખમરો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચૌધરી તુર્કી, યૂનાઈટેડ કિંગડમ અને બેલ્જિયમની બે અઠવાડીયાના યાત્રા પર ચાલ્યા ગયા હતા. ગુસ્સામાં રસ્તા પર વિરોધ પ્રદર્શન કરી રહેલા લોકો માટે આ સમાચાર તેમને વધારે ગુસ્સે કરી રહ્યા હતા. અચાનકથી થયેલા આ યાત્રાને લઈને હાલમાં કોઈને જાણકારી નથી, પણ આવી રીતે તેમના ચાલ્યા જવાથી જનતામાં ગુસ્સો ખૂબ વધ્યો છે. છેલ્લા કેટલાય મહિનાથી લોકો સેનાની મનમાનીનો વિરોધ કરી રહ્યા છે, જે આ ક્ષેત્રમાં પોતાની કોલોનીની માફક કાબૂ કરે છે. પાકિસ્તાની સેના આ વિસ્તારમાં મોટા પાયે ભૂમિ અને ખનિજ ખાણો પર કબ્જો કરવા માટે જવાબદાર છે.

## પ્રથમ વખત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ોલીસે એક આતંકવાદી આરિફની ધરપકડ કરી છે જે ૩ વર્ષથી પાકિસ્તાની હેન્ડલરના સંપર્કમાં હતો. સરકારી ટીચર આસિફ નરવાલમાં થયેલા બે બોમ્બ બ્લાસ્ટમાં મુખ્ય આરોપી છે. આરોપી મોહમ્મદ આરિફે ફેબ્રુઆરી ૨૦૨૨માં જમ્મુના શાસ્ત્રી નગરમાં એક આઈઈડી વિસ્ફોટ કર્યો હતો. આ ઉપરાંત પોલીસ મહાનિર્દેશકે દાવો કર્યો હતો કે, કટડા બસમા થયોલો વિસ્ફોટ પણ તેણે જ કર્યો હતો.

જમ્મુના નરવાલ ટ્રાન્સપોર્ટ યાર્ડમાં ૨૦ જાન્યુઆરીએ થયેલા બે આઈડી બ્લાસ્ટના આરોપમાં જમ્મુ પોલીસે સરકારી શિક્ષક મોહમ્મદ આરિફ નિવાસી રિયાસીની ધરપકડ કરી છે. પોલીસે આતંકી પાસેથી પરફ્યુમ આઈડી કબજે કરી છે. જે રૂમમાં ખુશ્બુ ફેલાવનારી બોટલ સમાન છે. જમ્મુમાં પહેલીવાર પરફ્યુમ આઈઈડી પકડાયો છે.

## ફગાવી દીધી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આપવામાં આવી છે કે કોઈ વ્યક્તિ ૨ સીટ પરથી ચૂંટણી લડી શકે છે. આ કાયદામાં ફેરફાર કરે સુધારો કરવો એ સંસદનું કામ છે.

બીજી બાજુ ચૂંટણી પંચે આ અરજીને સમર્થન આપ્યું હતું. પંચે કહ્યું હતું કે અમે ખુદ આ મામલે ૫ જુલાઈ ૨૦૦૪ના રોજ આ બાબતે આગ્રહ કરતો એક પત્ર પીએમ મોદીને લખ્યો હતો. પંચે તેમાં કહ્યું હતું કે જ્યારે ઉમેદવાર બંને સીટો પર જીતી જાય તો તે એક સીટ છોડી દે છે.

એવામાં છોડેલી સીટ પર નવેસરથી ચૂંટણી યોજવા માટે નવેસરથી ખર્ચ કરવો પડે છે. આ સરકારી ભંડોળનો વેડફાટ જ કહેવાય. સીટ ખાલી કરવામાં આવે તો નવેસરથી ચૂંટણી યોજવા માટે ખર્ચની વસૂલી કરવામાં આવે.